**ગુજરાત સરકાર**
ડીનશ્રીની કચેરી
બી.જે.બી.જે.મેડીકલ કોલેજ,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ,અમદાવાદ
પિન કોડ: ૩૮૦૦૧૬

Website: www.bjmcabd.edu.in
Email: dean-bjmc-ahm@gujarat.gov.in
Phone No.:(+91)079-22681024

ક્રમાંક: બીજેમેકો/ડેવ.સોસાયટી/ ID Card / જા.ખ./ ૧૪૪-૪૯ /૨૦૨૪ તા.૧૨ /૦૨/૨૦૨૪

**તબીબી વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને અન્ય સ્ટાફ માટે ID Card છાપકામ કરાવવા અંગે ભાવ મંગાવવા માટેની જાહેર ખબર :–**

અત્રેની કોલેજના શૈક્ષણિક સ્ટાફ, વિદ્યાર્થીઓ તથા અન્ય સ્ટાફ માટે **ID Card** છાપકામ કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આથી આ અંગે **ID Card** ના છાપકામ માટેની કામગીરી કરતાં હોઈ / ડીલરશીપ રજીસ્ટ્રેશન ધરાવતા હોય તો તેવી કંપનીઓ/એજન્સીઓ પાસેથી સ્પર્ધાત્મક ભાવો સીલબંધ કવરમાં નીચેની કોષ્ટકની વિગતો, ખાસ નોંધ અને શરતોને આધિન રહીને તા.૧૨/૦૨/૨૦૨૪ થી તા.૨૧/૦૨/૨૦૨૪ ને સાંજના ૫–૦૦ કલાક સુધીમાં ફકત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી., કુરીયર મારફતે મંગાવવામાં આવે છે.

| Commercial Bid | | | | |
|---|---|---|---|---|
| અ.નં. | વિગત / સ્પેશીફિકેશન | નંગદીઠ મુળ ભાવ રૂા. | જી.એસ.ટી. % | નંગદીઠ કુલ ભાવ રૂા. |
| ૧. | ID Card Preparation for Staff Both side colour Printing with Smart card type and Students One side colour Printing with Smart card type including card cover & cord | | | |

(૧) આવકવેરા હેઠળ નોધાયેલ પાન નંબર

પર્સનલ (પ્રોપાઈટર) :–

કંપની/એજન્સી :–

(૨) GST રજીસ્ટ્રેશન નંબર :–

(૩) ડીલરશીપ રજીસ્ટ્રેશન ધરાવતા છો ? જો હા હોય તો તેની ઝેરોક્ષ નકલ બીડવી.:–

(૪) છાપકામ કામગીરીના અનુભવના આધાર પુરાવાની નકલ જોડવાની રહેશે. :–

ખાસ નોંધ :– ઉપરોકત ક્રમ–૧ થી ૪ ની વિગતોની ઝેરોક્ષ નકલને પ્રમાણિત કરી અચુક રજુ કરવાની રહેશે.
સીલબંધ કવરોમાં કવોટેશનો મોકલવાનું સરનામું. :– મેમ્બર સેક્રેટરીશ્રી, બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬

શરતો :–

(૧) કંપની/એજન્સીના ભાવો સીલબંધ કવરમાં સુવાચ્ય અક્ષરોમાં અને કંપની/એજન્સીના લેટરપેડમાં ટાઈપ કરી આપવાના રહેશે. અને કવર ઉપર "ID Card" છાપકામ કરાવવા અંગેનું કવોટેશન" તેવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૨) કંપની / એજન્સીના ભાવ તમામ ટેક્ષ / કરવેરા સહિત ભરવાના રહેશે અને સૌથી ન્યુન્તમ ભાવ હશે તેવા ભાવ અત્રેની કચેરીની પરચેઝ કમિટી મારફતે મંજુર કરવાપાત્ર થશે.

(૪) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કોલેજના નિયત ID Card ને તૈયાર કરી સેમ્પલ તરીકે મંજુરી અર્થે રજુ કરવાના રહેશે.

(૫) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કોલેજના નિયત ફોર્મમાં ભરેલ વિગતો મુજબ ID Card ને તૈયાર કરવાના રહેશે. તૈયાર થયેલ ID Card ની નકલ ચેક કરવા માટે અત્રેની કચેરીને અચુક રજુ કરવાની રહેશે. જે ID Card ના નકલ ચેક થયા બાદ ફાઈનલ પ્રુફ રીડીગ પ્રમાણે પ્રિન્ટ કરી અત્રેની કચેરીને તૈયાર કરેલ ID Card ને યાદી સહિત રજુ કરવાના રહેશે.

(૬) કંપની / એજન્સી ધ્વારા અત્રેની કચેરીના નિયત ફોર્મની વિગતો મુજબ ID Card તૈયાર થયેલ ન હશે અથવા ID Card ની વિગતો ચેક કર્યા વિના ફાઈનલ પ્રિન્ટ કરી આપવામાં આવશે તો તેને સ્વીકારવામાં આવશે નહી તેમજ તેના ખર્ચ પણ અત્રેની કચેરી ધ્વારા મંજુર કરવામાં આવશે નહી.

(૭) પરચેઝ કમિટી મારફતે મંજુર કરેલ ભાવો પ્રમાણે જ અને મંજુર થયેલ ID Card ના સેમ્પલ મુજબ સંતોષકારક રીતે થયેલ છાપકામના બીલો ચાલુ નાણાંકીય વર્ષમાં મોકલવાના રહેશે.અને અત્રેની કચેરીને બીલ મળ્યા બાદ જ દિન–૧૫ સુધીમાં ચુકવણાં કરવામાં આવશે.

(૮) ID Card છાપકામની ગુણવત્તા તથા ડીઝાઈન ડીનશ્રીની કચેરી હસ્તકની કમિટી નકકી કરશે. અને માંગણી મુજબ હશે તો જથ્થો ચલણથી સ્વીકારવામાં આવશે.

(૯) કંપની/એજન્સીના ભાવો મેમ્બર સેક્રેટરીશ્રી, બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬ ખાતે પહોંચાડવાના રહેશે. ટ્રાન્સપોર્ટ / ટ્રેન મારફતે મોકલાવેલ ચીજવસ્તુઓનું ભાડુ અત્રેથી ચુકવવામાં આવશે નહી.

(૧૦) ચેકચાકવાળા, ઓવરરાઈટીગવાળા તથા સીલબંધ કવરમાં ન હોય તેવા તેમજ નિયત સમય કરતા મોડા આવેલ કવોટેશનો ગણતરીમાં લેવામાં આવશે નહી અને તેવા કવોટેશનો આપોઆપ રદ થયેલ ગણાશે. અને જે અંગેની કોઈપણ પ્રકારની જાણ કે કારણ અત્રેની કચેરીએથી કરવામાં આવશે નહી.

(૧૧) કવોટેશનના કવર ઉપર અત્રેના જાહેરાત ક્રમાંક તેમજ કવોટેશન સ્વીકારવાની છેલ્લી તારીખ અવશ્ય લખવાની રહેશે.

(૧૨) ઉપરોકત સ્પેશીફિકેશન મુજબ છાપકામ થયેલ જથ્થો સમય મર્યાદામાં મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે. સમયમર્યાદા બાદ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૩) ઉપરોકત ID Card છાપકામ માટે થયેલ ખર્ચના બીલની મુળ રકમ ઉપર નિયમોનુસાર ઈન્કમટેક્ષના સ્લેબ મુજબ ટી.ડી.એસ. અને જી.એસ.ટી. ડી.એસ. કપાત કરવામાં આવશે.

(૧૪) ઉકત દર્શાવેલ જાહેર ખબર અને ID Card છાપકામ કામગીરીના તમામ હક્ક/નિર્ણય અત્રેની કચેરીના ડીનશ્રીને આધિન રહેશે.

ઉપરોકત ID Card છાપકામ અંગેની કામગીરીના ભાવો સીલબંધ કવરમાં કવોટેશન સ્વીકારવાની છેલ્લી તા.૨૧/૦૨/૨૦૨૪ ને સાંજના ૫–૦૦ કલાક સુધીમાં ફકત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. અથવા કુરીયર મારફતે મળે તે રીતે મોકલી આપવાના રહેશે. કવોટેશન સ્વીકારવાની છેલ્લી તા.૨૧/૦૨/૨૦૨૪ બાદ કંપની/એજન્સીઓ મારફતે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી., કુરીયર રૂબરૂ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ કવોટેશન સ્વીકારવામાં આવશે નહી.

ખાસ નોંધ : ઉપરોકત કામગીરી માટેના કવોટેશનો રૂબરૂમાં કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. તેવા કવોટેશનો આપોઆપ રદ બાતલ થયેલ ગણાશે. જેની કંપનીઓ/એજન્સીઓએ ખાસ નોંધ લેવી.

મેમ્બર સેક્રેટરી
બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,
અમદાવાદ

સ્થળ :– અમદાવાદ
તા.૧૨/૦૨/૨૦૨૪

- બી. જે. મેડીકલ કોલેજ વેબસાઈટ www.bjmcabd.edu.in અને કોલેજ નોટીસ બોર્ડ.
- પરચેઝ કમિટી, બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,અમદાવાદ તરફ જાણ સારું.
- વહીવટી અધિકારીશ્રી, બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ તરફ જાણ સારું.